**મુદ્દા નં.૦૫ :– કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ ધ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહો અને રકર્ડ :–**

## આકારણી અને વસુલાત વિભાગ

મિલ્કતવેરાના સંપૂર્ણ શીડયુલની તેમજ કયા કયા મિલ્કતવેરોઓ મહાનગરપાલિકામાં ભરવાના થાય છે તેની સ્થાનિક ગુજરાતી વર્તમાનપત્રોમાં જાહેરાત સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવે છે. મિલ્કતવેરાના નિયમો – સમજુતી માટે પેમ્ફલેટ છપાવી દરેક ઝોનમાં વહેંચણી કરવામાં આવે છે. કરદાતાઓની જાગૃતિ માટે રેડીયો એફ.એમ.પર જાહેરાત આપવામાં આવે છે. મિલ્કતવેરાને લગતા સરકારશ્રીના કાયદા, જાહેરનામાઓ વિગેરે મહાનગરપાલિકાની વેબ સાઈટ પર મુકવામાં આવેલ છે.

## ગુમાસ્તાધારા વિભાગ

(૧) મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ ૧૯૪૮
(૨) બોમ્બે લેબર વેલફેર ફંડ અધિનિયમ ૧૯૫૩
(૩) ગુજરાતના દુકાનો અને સંસ્થાનાઓના અધિનિયમ–૨૦૧૯ની
(૪)કર્મચારી જીવનવીમા અધિનિયમ ૧૯૮૦ની જોગવાઈઓ
(૫) ગુજરાત રાજય વ્યવસાય,વ્યાપાર,ધંધા અને રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬

મહાનગરપાલિકાની સમગ્ર કામગીરી સને ૧૯૪૯ નાં મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓનાં અધિનિયમમાં નિર્દિષ્ટ જોગવાઈઓ અનુસાર હાથ ધરવામાં આવે છે અને તે સિવાય સુરત મહાનગરપાલિકાને ગુજરાત રાજય સેવાના નિયમો, શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ, મીનીમમ વેજીસ એકટ, પેમેન્ટ ઓફ વેજીસ એકટ વિગેરે કાયદાઓ અનુસાર દફતરોની નિભાવણી કરવામાં આવે છે.

આર.ટી.આઈ.એકટ ૨૦૦૫ની જોગવાઈ મુજબ કોર્પોરેશનના ખાતાઓની કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

આ બાબતે વધુ વિગતોની જાણકારી માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **www.suratmunicipal . gov.in** ઉપલબ્ધ છે જે અવલોકનમાં લેવા વિનંતી.